R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2009-11/ Valid upto31 Dec/ 2011 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :www.jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬


YEAR-20 • ISSUE: 51 DATE: 17-12-2011• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## કાશ્મીરના ધર્મપરિવર્તન ના મીડીયાના રીપોર્ટ ખોટા છે : સીએનઆઇ બીશપ પી.કે.સામંતારોય




અમૃતસર ડાયોસીસ ના બિશપ પી.કે.સાંમતારોયે જણાવ્યું હતું કે શ્રીનગર ખાતે રેવ સી.એમ.ખન્નાએ મુસ્લીમ યુવકોનું જબરજસ્તીથી ધર્મ પરિવર્તન કરાવ્યું હોવાના અને તેની કબુલાત કરી હોવાના મીડીયા દ્વારા પ્રકાશિત થયેલા રીપોર્ટ એકદમ પાયા વગરના અને હડહડતું જુઠ્ઠાણું છે.આ પાસ્ટર ઉપર ખોટા આરોપો મુકીને તેમને જેલમાં ધકેલી દેવાયા છે.

શ્રીનગર પોલીસે રેવ ખન્નાની જબરજસ્તીથી ધર્મપરિવર્તન કરાવવાના આરોપસર ધરપકડ કરી હતી.તેની રહેઠાણથી તેમની ધરપકડ કરવામાં આવી હતી.તેમજ તેમની ધરપકડ માટે કોઈપણ જાતની લેખિત જાણ કરવામાં આવી નહોતી.

જેમનું ધર્મપરિવર્તન કરવામાં આવ્યુ હોવાનો આરોપ છે તે વ્યક્તિઓ ઓલ સેંટ ચર્ચ,શ્રીનગર ખાતે છેલ્લા એક વર્ષથી નિયમિત ચર્ચમાં હાજરી આપે છે.આ ઉપરાંત બિશપે જણાવ્યું હતું કે મેં જ્યારે આ ચર્ચની મુલાકાત લીધી છે ત્યારે તેઓ ત્યાં હાજર હતા.જેમને પૈસાની લાલચ આપીને ધર્મ પરિવર્તન કરવાનો આરોપ છે.રેવ ખન્ના આ વિસ્તારમાં છેલ્લા ૭ વર્ષથી પાસ્ટર તરીકેની સેવાઓ આપે છે.અને આ ધર્મપરિવર્તન કરનારા વ્યક્તિઓએ પાસ્ટરનો સંપર્ક કરીને બાપ્તિસમા લેવાની પોતાની અંગત ઈચ્છા વ્યક્ત કરી હતી.આવા સંજોગોમાં ચર્ચ તેમને ના પાડી શકે નહી.રેવ ખન્નાએ તેમને બાપ્તિસમા આપવાની હકીકત સ્વીકારી છે નહી કે નાણાં આપીને તેમનું ધર્મ પરિવર્તન કરવામાં આવ્યું છે.બીશપે જણાવ્યું હતું કે આ બાબતે પાસ્ટર સાથે કેટલીક વાર ચર્ચા પણ કરી છે.અને તેમણે માત્ર બાપ્તિસમા આપવાની વાત જ સ્વીકારી છે.હવે બાર એસોસીયેશન ઓફ કાશ્મીરે તેના સભ્યોને ચેતવણી આપી છે કે તેઓ ખન્નાનો કેસ સ્વીકારે નહી કે લડે નહી.તેથી અમોએ અમારા વકીલની નિમણુંક કરી છે જેઓ આ કેસની દેખભાળ કરી રહ્યા છે.આ એક ગંભીર બાબત છે.અમે વિવિધ પ્રકારની શકયતાઓ માટેચિંતિત છીએ.

શરીયા કોર્ટ,કાશ્મીરના મુફતી મો.બસીરુદ્દીન આ પહેલા પાસ્ટરને તેમના ૧૫ ઉલેમાની હાજરીમાં પુછતાછ કરવા માટેની ઈચ્છા જણાવી હતી.અને રેવ ખન્નાએ સરીયા કોર્ટ સમક્ષ હાજર થવાની તૈયારી બતાવી હતી જો કે શરીયા કોર્ટનું કાયદેસર કોઈ વજુદ નથી.કાયદો અને વ્યવસ્થા વેલીમાં કોઈપણ સમયે બદલાઈ શકે છે.સરીયા કોર્ટનું હકીકતમાં કોઈ સ્થાનિક વજુદ નથી પરંતુ તેઓ માત્ર એકલા રાજ કરે છે.તેથી અમારે આ બાબતે ખુબ જ ચીવટ રાખવાની જરુર છે.આ પ્રશ્નથી રાજ્યના સ્થાનિક ખ્રિસ્તી રહેવાસીઓ માટે ચિંતાનો વિષય છે.

રેવ ખન્ના કાશ્મીરી મુસ્લીમ યુવકો ને ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા માટે ઉત્સાહીત કરી રહ્યા છે તેવી એક વીડીયો ટેપ ગ્રાન્ડ મુફતી તરફથી ચેનલો પર બતાવાઈ રહી છે.વીડીયોમાં રેવ ખન્ના બાપ્તિસમ સંસ્કાર આપી રહ્યા છે તે માત્ર દેખાય છે,પરંતુ ધર્મપરિવર્તન માટે જે આરોપ મુકવામાં આવ્યો છે તે પ્રમાણે કોઈ પણ પ્રકારના નાણાંની લેવડદેવડ દેખાતી નથી.

રેવ ખન્ના એ તેમના શબ્દોમાં જણાવ્યું હતું કે આ કાશ્મીરી યુવકો ચર્ચમાં છેલ્લા એક વર્ષથી આવતા હતા અને તેઓ ચર્ચની પ્રાર્થનામાં અન્ય ખ્રિસ્તીઓ સાથે ભાગ લેતા હતા.તેથી મે તેમને જણાવ્યું કે તેઓ બાપ્તિસમા લીધા સિવાય આ વિધિમાં ભાગ લઈ શકે નહી,તેથી તેઓએ મને બાપ્તિસમા આપવાની કહ્યું હતું.જેથી પાસ્ટર હોવાને નાતે હું તેમના અધીકારને અવગણી શકું નહી.કોઈકે આ પ્રસંગને તેમના મોબાઈલમાં રેકોર્ડ કરીનો તેનો યુટબ ઉપર પ્રકાશિત કર્યો હતો.આ એક જાણી જોઈને ધાર્મિક તનાવ પેદા કરવા માટેની ચાલ હતી,જેનાથી હિંસક વાતાવરણ પેદા થઈ શકે.

બિશપ સામંતારોયે તમામ ખ્રિસ્તી સમુદાયને રેવ ખન્નાના છુટકારા માટે પ્રાર્થના કરવા અપીલ કરી હતી.પાસ્ટરને અપમાનિત કરી માનવઅધિકારોનું હનન કરવામાં આવ્યું છે.જબરજસ્તીથી ધર્મ પરિવર્તન કરવાની બાબત સદંતર ખોટી,પાયાવગરની અને જુઠ્ઠાણું છે.

જમ્મુ કાશ્મીર રાજયમાં ચર્ચે શિક્ષણ અને આરોગ્ય માટે સેવાઓ આપી છે.આ એક દુરભાગ્ય છે કે આપણા ચર્ચ દ્વારા એક લાંબા સમયથી બલિદાન આપીને કરવામાં આવી સેવાઓની કદર કરવામાં આવી નથી.પરંતુ ખોટી વાતનો પ્રસાર કરીને કોમી એકતાને જોખમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.જેથી ચર્ચે પોતાનો વિરોધનો સુર ઉભો કરવો જોઈએ અને જમ્મુ કાશ્મીરના વહીવટી તંત્રની નબળાઈઓ અને તેમની જોહુકમી સામે પડકાર ફેકવો જોઈએ.રાજ્ય અને કેન્દ્ર સરકાર સામે રેવ ખન્નાને તાત્કાલિક છુટકારા માટે દબાણ ઉભુ કરવું જોઈએ.

મળેલા સમાચારો મુજબ રાજ્યની પોલીસ ચર્ચો અને ચર્ચ સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓનું લીસ્ટ બનાવી રહી છે.અને તેમની કામગીરી બાબતે તપાસ કરી રહી છે.આ લીસ્ટમાં ખ્રિસ્તી સંસ્થાઓ અને સ્કુલોનો પણ સમાવેશ થાય છે.

દેશમાં જ્યાં જ્યાં કોમવાદી પરિબળોને તક મળે છે ત્યાં તેઓ કોમી એકતા, ભાઈચારો જોખમાવવાના પ્રયત્નો કરે છે. હિસક વાતાવરણ ઉભુ કરે છે.તેને દબાવી દેવું જોઈએ.

## ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલે ગોવાના ચર્ચની વિનંતીને ઠુકરાવી




કેથોલીક ચર્ચ,ગોવાએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને ૪૨માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ઓફ ઈન્ડીયાની તારીખો બદલવાની એક વિનંતી કરી હતી.૧૧ દિવસ ચાલનારો આ ઉત્સવ મારગોવામાં આયોજિત હતો.જેનું ઉદ્ઘાટન જાણીતા અભિનેતા શાહરૂખ ખાને કર્યુ હતું.આ પ્રસંગે કેન્દ્રીય માહીતિ પ્રસારણના મંત્રી અંબિકા સોની પણ ઉપસ્થિત રહ્યા હતા.આ ફેસ્ટીવલમાં ૬૮ દેશોમાંથી પસંદગી પામેલ ૧૦૦ ફિલ્મો બતાવાઈ હતી.

ચર્ચે ડીસેમ્બર ૩ ના રોજ સેંટ ફ્રાંસીસ ઝેવીયર્સની જયંતીની ઉજવણી,કેથોલીક ચર્ચો દ્વારા કરવા અંગેની હોવાથી ફિલ્મ ફેસ્ટીવલની તારીખોમાં ફેરફાર કરવા જણાવ્યું હતું કારણકે ગોવાની પ્રજાની ધાર્મિક લાગણીને ઠેસના પહોચે.કેન્દ્રીય મંત્રીશ્રી અંબિકા સોનીએ આ બાબતે ઘટતું કરવા જણાવ્યું હતું પરંતુ પાછળથી તેમણે જણાવ્યું હતું કે આ બાબતનો નિર્ણય ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ કમિટી જ લઈ શકે છે અને તે અંગેનો નિર્ણય લેવાઈ ગયો છે તેથી હવે કશું થઈ શકે નહી.

## યુ.એસ. પાસ્ટરના વિઝા રોકવાથી અનેક પ્રશ્નો ઉભા થાય છે ફા.ડોમનીક ઇમ્માનુંએલ

દિલ્હી કેથોલીક આર્ચડાયોસીસના પ્રવક્તા ફાધર ડોમનીક ઈમાનુએલે જણાવ્યું હતું કે ખ્રિસ્તી મિશનરીઓ અને હિંદુ સંતોના વિઝા બાબતે સરકારનું ભેદભાવનું વલણ સમજાતું નથી.તેમણે નેશનલ ડેઈલીમાં તેમની કોલમમાં લખ્યું હતું કે તાજેતરમાં વિલિયમ લી ઈવેન્લીકલ પાસ્ટરની કોચી ખાતે વિઝા ના મામલે ધરપકડ કરવામાં આવી,કારણકે તેઓ એક ધાર્મિક સંમેલનમાં ભાગ લઈ રહ્યા હતા,૬૯ વર્ષના એક ઈટાલીયન ખ્રિસ્તી સાધ્વીના વિઝા બાબતે સરકારની નીતિની આલોચના કરી હતી.ઈટાલીયન સાધ્વીએ ત્રણ વાર વિઝા માટે અરજી કરી હતી પરંતુ ભારત સરકારે તેને નકારી કાઢી હતી.જ્યારે ઈસકોનના વિદેશી સાધુઓ જેઓ દેશભરમાં તેમનુ ધાર્મિક સાહિત્ય વહેચતા હોય છે અને ધર્મનો પ્રચાર કરતા હોય છે.તેમને માટે વિઝાના નિયમો માં કોઈ પાબંધી નથી.ગત સપ્તાહ દરમિયાન ઈસકોન ના બે વિદેશી સાધુઓ દિલ્હીના નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશન ઉપર મફત ધાર્મિક સાહિત્યનું વિતરણ કરતા હતા.કારણકે તેઓ ઈસકોનના મિશનરી હતા અને તેઓ ખ્રિસ્તી ધર્મ છોડીને હિંદુ ધર્મ અપનાવ્યો હતો અને અમેરીકન હતા.અને આવા અનેક લોકો છે જેમણે પોતાના ધર્મ છોડીને અન્ય ધર્મ અપનાવ્યો છે.આ હિંદુ બનેલા મિશનરીઓ ઉપર કોઈએ હુમલો કર્યો નહી કે પોલીસ તેમની પાછળ પડી નહોતી.

કંધમાલમાં ગ્રેહામ સ્ટેઈનનો કેસ જોઈએ અને ત્યારબાદ કર્ણાટકમાં સતત ચાલી રહેલા હુમલાઓ એવું બતાવે છે કે માત્ર ખ્રિસ્તીઓ જ સતાવણી માટે

અનું પાન નં.૨ ઉપર

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
www.jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર ન્યુ ઝ અને ઈવેન્ટ વિભાગમાં જોઇ શકાશે.

# નવક્રાંતિ

કોલકત્તાની એમરી હોસ્પીટલમાં એક દુ:ખદ ઘટના બની ગઈ.આગ લાગવાને કારણે ૮૯ જેટલા લોકોના મોત નિપજ્યાં.મમતા બેનરજીની સરકારે ત્વરીત પગલાં લઈને હોસ્પીટલના માલિકોની ધરપકડ કરી.સંપુર્ણ બેદરકારીને કારણે જેઓ જીવ બચાવવા માટે હોસ્પીટલમાં આવ્યા હતા તેમના જાન હોસ્પીટલમાં ચાલતી બેદરકારીએ લઈ લીધા.અન્ય કેટલાંય લોકો ને અસર થઈ છે.આપણા દેશમાં માનવીય ભુલો અને બેદરકારીના લીધે અનેકોના જાન જાય છે અને પછી પગલાં ભરવામાં આવે છે અને લાંબી કોર્ટ કાર્યવાહીના કારણે લોકો છુટી પણ જાય છે.દેશના નાગરિકોના જાનની કિંમત કેટલી સસ્તી છે તે આવી હકીકતો ઉજાગર કરે છે. આપણે એવુ ઈચ્છીએ કે તંત્ર જાગે અને લોકો પોતાના જવાબદારી બરાબર અદા કરે.પૈસા કમાવાની લાલચે મોટેભાગે બેદરકારીથી આવા બનાવો બનતા હોય છે.જરૂરી સાવચેતીના પગલાં લેવાતા નથી.સલામતી જાળવવા માટે કડક કાયદાનો અમલ કરવો જરુરી છે.

---

અનું.પાન નં ૧નું ચાલુ

આખા દેશમાં નિશાન બનાવાય છે.અને ખાસ કરીને જ્યાં ભાજપની સરકારો છે ત્યાં ખ્રિસ્તીઓ પર વિશેષ કરીને હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.

ફાધર ઈમાનુએલ જે પાર્લામેન્ટ ઓફ રીલીજીયનના મુખ્ય શોધક છે તેઓ જણાવે છે આ બે પ્રકારના કાયદા દેશમાં અસ્તિત્વ ધરાવે છે.ખ્રિસ્તી મિશનરી હોય તો તેને અનેક પ્રકારની રુકાવટો ઉભી કરવામાં આવે છે.અને તેની સામે વિવિધ કાયદાઓ પ્રયોજાય છે.જ્યારે હિંદુ કે અન્ય ધર્મી મિશનરીઓ સામે આજ કાયદાઓ સરળતાથી તેમને માટે માર્ગ મોકળા કરે છે.ભારત દેશના સાધુઓ કે સાધ્વીઓ અમેરીકા કે યુરોપના વિઝા સરળતાથી મેળવે છે.તો શા માટે આ દેશમાંથી આવતા સાધુઓ અને સાધ્વીઓને આપણે સરળતાથી વિઝા આપતા નથી અને શિષ્ટાચાર દેખાડતા નથી.કોઈપણ વ્યક્તિ રેલ્વે સ્ટેશન પરથી જેટલી સરળતાથી ભગવત ગીતા ખરીદી શકે છે તેમ કુરાન,બાયબલ કે ગુરુ ગ્રંથ સાહીબની કોપીઓ ખરીદી શકાતી નથી.તેવી જોગવાઈઓ કેમ કરાતી નથી ?

તેમણે કહ્યું હતું કે મારા ઘણા મિત્રો અમેરિકાઅને યુરોપમાં કોઈપણ જાતના અવરોધ વગર વિઝા મેળવી શકે છે અને જાય છે.બાબા રામદેવે તાજેતરમાં ૨૦૦ એકરનો પ્લોટ સ્કોટલેન્ડમાં પોતાના યોગા અને તેને લગતી કેટલીક ધાર્મિક બાબતોને માટે ખરીદ્યો છે.અને રહેવાની રજા પણ મેળવી છે.પરંતુ જો કોઈ ખ્રિસ્તી વ્યક્તિ વિદેશમાંથી અહીયાં આવવા માંગે તો તેને માટે વિઝા મેળવવા આકરા પડે છે.અને જો વિઝા મંજુર કરવામાં આવે,તો તેમાં શરતો મુકવામાં આવે કે તેમણે કોઈ ધાર્મિક સંમેલનમાં જવું નહી કે બોલવું નહી.જ્યારે એવા કેટલાંય પ્રસંગો છે જેમાં હિંદુ સંતો અને ફિલોસોફરોને પરદેશમાં વિના રોકટોક સંમેલનો,પ્રવચનો અને ધર્મ પ્રસાર,પ્રચાર કરવાની છુટ મળેલી છે.

ગત માસમાં કેરાલા પોલીસે પાસ્ટર વિલિયમ લી ઉપર વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરવા માટે ધરપકડ કરી હતી. તેઓ જવાહરલાલ નહેરુ ઈન્ટરનેશનલ સ્ટેડીયમ,કલુર,કોચી ખાતે એક સંગીત સમારોહમાં ભાગ લઈ રહ્યા હતા.જુલાઈ માસમાં ત્રણ અમેરિકન પ્રવાસીઓને ભારત છોડવા માટે હુકમ કરવામાં આવ્યો કારણકે હિંદુ સંસ્થાઓ તરફથી તેઓ સ્થાનિક લોકોનું ધર્માંતરણ કરી રહ્યાનો આરોપ લગાવ્યો હતો.સરકાર તરફથી નિષ્પક્ષ રીતે તપાસ કરવામાં આવતી નથી અને કટ્ટરવાદી સંસ્થાઓ તરફથી જે વાત કરવામાં આવે તેને સાચી માની લઈને કાયદાના અર્થ અનર્થો કરીને પગલાં લેવામાં આવે તે સરકારની વાહિયાત નીતિ બતાવે છે.બે પ્રકારના કાયદાના અમલ કેમ હોઈ શકે ?

(રીપોર્ટ : જોન મલ્હોત્રા - દીલ્હી)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ **નીલા ફાઇનાન્સ** ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# ઇસ્લામિક ટોપી અર્થાત તાકીયાહ

(આપણે બાઈબલમાંથી જાણીએ છીએ કે, ભગવાન ઈસુ ધર્મના બાહ્ય રિવાજો ને રૂઢિયોના પ્રખર વિરોધી હતા અને બહુ આકરા શબ્દો જેવા કે 'ધોળેલી કબરો ' કહીને તે સમયના ધાર્મિક વડાઓ સદુકીઓ તથા ફરોશીઓને ધમકાવતા હતા. ઈસુના ધર્મમાં બાહ્યાચાર પર નહિ પરંતુ, નીતિમત્તા યાને નીતિમય જીવન પર ખાસ ભાર મુકવામાં આવે છે.

બાઈબલ આહાર કે પોષાક માટેના નિયમો-રિવાજો રૂઢિયો આપતી ગાઈડ કે હેન્ડબુક નથી. એ જ રીતે તે ખગોળશાસ્ત્ર કે ભુગોળ-ઈતિહાસનું પુસ્તક નથી. બાઈબલ આધ્યાત્મિક પુસ્તક છે જેમાં ધર્મમય જીવન કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન આપેલું છે.હકીકતે ઈસાઈ ધર્મ કોઈ પણ પ્રાદેશિક રીત-રિવાજો કે રૂઢિયોથી બંધાયેલો,ઘેરાયેલો સીમિત ધર્મ નથી.બંધનોથી મુકત છે અને એજ એની આગવી ખાસિયત છે જેનો કારણે એ વિશ્વવ્યાપી, લોકપ્રિય ને કલ્યાણકારી બન્યો છે.ઈસુના અનુયાયીઓએ એટલેકે ખ્રિસ્તીઓની ઓળખ(આઈડેન્ટીટી) આ છે : 'તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ કરતા હશો' આ સિવાય અન્ય કોઈ ખ્રિસ્તી ઓળખ(કપાળે ટીકી કે ચાંલ્લો,નાકમાં નથણી,બાઈબલ વાચન, પ્રાર્થના સમયે કે પ્રભુ મંદિરમાં હોઈએ ત્યારે માથે ઓઢવું)નથી.ઈસ્લામ કે વિવિધ હિંદુ સંપ્રદાયોમાં એ હશે ઈસુના ધર્મમાં એ નથી.બાઈબલનો આધાર લઈને કે તેમાંથી અવતરણો ટાંકીને બાહ્ય બાબતોનો હઠાગ્રહ સેવવો એ તો 'કહ્યું કશું ને સાંભળ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું ' જેવું કહેવાય. ફાધર વિલિયમ)

આજકાલ ઈસ્લામિક ટોપી કાફી ચર્ચામાં છે. મુ.મંત્રી નરેન્દ્ર મોદીના સદ્ભાવના ઉપવાસના બીજા દિવસે વડોદરાના એક મૌલવીએ તેમને ઈસ્લામિક ટોપી પહેરાવવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો.તેમના એ પ્રયાસના મુ.મંત્રીએ પણ નમ્રભાવે નિષ્ફળ બનાવ્યો હતો. એટલે મુસ્લીમ સમાજની આ વ્યથાને સ્પર્શીને મારે અત્રે ઈસ્લામિક ટોપીના મુળ ઉદેશ અંગે થોડી વાતો કરવી છે.

ઈસ્લામિક ટોપી માટે એરેબિક ભાષામાં 'તાકિયાહ'શબ્દ પ્રયોજાયો છે.મુસ્લીમો તાકિયાહ ગમ તે રંગ ધારણ કરી શકે છે.કારણ કે ઈસ્લામમાં એ અંગે કોઈ રૂઢ આદેશ નથી.વળી, ટોપીના આકાર બાબતે પણ ઈસ્લામમાં કોઈ નિશ્ચિત ઉલ્લેખ જોવા મળતો નથી. આમ છતાં, ભારતમાં ઈસ્લામના અનુયાયીઓ સફેદ, લીલી કે કાળી ગોળ ટોપી મોટે ભાગે ધારણ કરે છે.

ભારત સિવાય વિશ્વના અન્ય મુસ્લીમ રાષ્ટ્રોમાં જુદા જુદા પ્રકારની ઈસ્લામીક ટોપી ધારણ કરવામાં આવે છે.જેમાંની એક છે તુરબન કેપ. તે ગોળ અને ઉંચી હોય છે. ઈસ્લામિક હદીસમાં અબુ દાઉદનું એક અવતરણ છે. 'મહમંદ સાહેબે ફરમાવ્યું છે કે સામાન્ય મુસ્લીમ અને આલીમ વચ્ચેનો ભેદ ટોપીને કારણે વ્યક્ત થાય છે. આલીમ તુરબન ટોપી ધારણ કરે છે જ્યારે સામાન્ય મુસ્લીમ ગોળ અને માથાને બંધ બેસતી ટોપી પહેરે છે' ટોપી ફરજીયાત ધારણ કરવા બાબત પણ ઈસ્લામમાં કોઈ આદેશ નથી.

મક્કા અને મદીનાની મારી હજયાત્રા દરમ્યાન સાઉદીવાસીઓ ઉપરાંત અનેક વિદેશી મુસ્લીમોને મેં ટોપી કે માથુ ઢાંક્યા વગર નમાજ કે કુરાને શરીફ પઢતા જોયા છે.માથાને ઢાંકવા માટે ભારતના મુસ્લીમો રૂમાલનો પણ ઉપયોગ કરતા જોવા મળે છે.કારણકે તેમના માટે ટોપી કે રૂમાલ દ્વારા માથું ઢાંકવું એ ખુદાની બંદગી અને કુરાને શરીફના અધ્યયન માટે માનસુચક ક્રિયા છે.વિશ્વના મોટાભાગના મુસ્લીમો આ બાબતને સ્વીકારે છે અને એટલે જ ભારતના મુસ્લીમો ટોપી ધારણ કરી મુસ્લીમ હોવા અંગેની પોતાની ઓળખ ગર્વથી વ્યક્ત કરે છે.

જો કે અરબસ્તાનમાં ઈસ્લામિક સંસ્કારોના આગમન પુર્વે પણ ટોપી કે કપડાંથી માથું ઢાંકવાની પ્રથા પ્રચલિત હતી.એ માટે ત્યાંની ભૌગોલિક સ્થિતિ જવાબદાર છે.અરબસ્તાન એ ખુલ્લા રણની તપતી રેતીનો પ્રદેશ છે. ત્યાંની ગરમીથી માથાને બચાવવા કે પવનને કારણે ઊડતી રેતીથી મોં અને માથાને રક્ષવા માટે ટોપી રાખવાની પ્રથા વર્ષોથી અસ્તિત્વમાં છે. જો કે સાઉદી અરેબિયામાં ટોપીના સ્થાને માથાને ઢાંકવા 'ઈગાલ' નો ઉપયોગ વિશેષ થાય છે.માથા પર રંગીન રૂમાલ ઓઢી તેના પર કાળી રેશમી દોરી બાંધવાની ક્રિયાને ઈગાલ કહે છે. આરબો ઈગાલ સાથે તોપ પહેરે છે.તોપ એટલે મોટો ઝભ્ભો(કફની)પણ આ ઝભ્ભો છેક પગ સુધી લાંબો હોય છે.સંપુર્ણ શરીરને ઢાંકી દે છે.તેની પાછળનો ઉદેશ પણ અરબસ્થાનની ગરમ રેતીથી શરીરને બચાવવાનો છે.

વિશ્વના જુદા જુદા રાષ્ટ્રોમાં ઈસ્લામના અનુયાયીઓ જુદા જુદા પ્રસંગોએ ટોપીનો ઉપયોગ કરે છે.ઈગ્લેન્ડમાં તેને પ્રાર્થના ટોપી કહે છે.જે નમાજ સમયે પહેરવામાં આવે છે.

મલેશીયામાં બનેલી મશીનમાં ગુંથીને તૈયાર થયેલી કાપડની સફેદ ટોપીનો ઉપયોગ ઈગ્લેન્ડ અને વિશ્વના મુસ્લીમ દેશોમાં વિશેષ થાય છે.ખુદા પ્રત્યેના લગાવ અને પ્રેમને અભિવ્યકત કરવા પણ કેટલાંક મુસ્લીમો ટોપી નિયમિત પહેરે છે.જેમ કે પાંચ સમયની નમાજ નિયમિત અદા કરતાં મુસ્લીમ ચોવીસે કલાક ટોપી પહેરી રાખે છે.

ઈસ્લામમાં નમાજ ઉપરાંત અન્ય ધાર્મિક પ્રસંગોમાં પણ ટોપી પહેરવામાં આવે છે જેમકે નિકાહ કે જનાજાને કાંધો આપતી વખતે ટોપી પહેરવાની પ્રથા છે.તેમાં પણ મુખ્યત્વે પ્રસંગની ગરિમા જાળવવાનો ઉદેશ સમાયેલો છે.ઈસ્લામિક ટોપી વિવિધ દેશોમાં ભિન્ન ભિન્ન નામે ઓળખાય છે.અફધાનિસ્તાનમાં તેને પોકોમ કહે છે.જે મોટેભાગે સલવાર કમીઝ કે સુટ પર પહેરાય છે. ઈન્ડોનેશીયામાં તેને પીકી કહે છે.તેનો સમાવેશ રાષ્ટ્રીય પોષાક તરીકે કરાય છે.

માલવ દેશમાં તેને થોપી કહે છે.જયારે ચીનમાં તેને હુઈ કહે છે.મલેશીયાની બાજુમેલાયું તરીકે તે જાણીતી છે.આ તમામ બાબતો ઈસ્લામિક ટોપીને માન અભિવ્યકત કરવાના માધ્યમ તરીકે રજુ કરે છે.તેમાં રૂઢિચુસ્ત ઈસ્લામિક વિચારને સ્થાન નથી.

લેખક : ડો મહેબુબ દેસાઈ

(સૌ.દિ.ભા)


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સમાચાર સંપાદન

શ્રી સંજય પોલ ચૌહાણ



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ૪૫મા વર્લ્ડ ડે ઓફ સોશ્યલ કમ્યુનીકેશન પ્રસંગે ના.પોપ બેનેડીક્ત ૧૬માંએ આપેલ સંદેશ

૪૫મા 'વર્લ્ડ ડે ઓફ સોશ્યલ કમ્યુનીકેશન' નિમિત્તે તમને સહુને આપણા યુગની કેટલીક આગવી ખાસિયતોની લહાણી કરવી છે અને તમારી સહુની સાથે એની ઉજવણી કરવી છે.એ આગવી ખાસિયત છે : સંચાર માધ્યમોમાં ઈન્ટરનેટની પધરામણી. ઔધ્યોગિક ક્રાંતિ યુગમાં જેણે મનુષ્ય સમાજમાં પરિવર્તન આણ્યું તેવું જ, સાસ્કૃતિક અને સામાજીક પરિમાણોને બહુ નજીકથી સ્પર્શતું તથા તેના પર ઊંડી અસર કરતું પરિવર્તન, આજે સંચાર માધ્યમોના આ ક્રાંતિકારી યુગમાં થવા માંડયું છે.

નુતન ટેકનોલોજીએ માત્ર આપણે કેવી રીતે સંદેશ વ્યવહાર કરીએ છીએ તેના ઉપર જ નહી, ખુદ સંદેશ વ્યવહાર પર પણ પ્રભાવ પાડ્યો છે. જ્ઞાન અને માહિતિને પ્રસારિત કરવાની આ આધુનિક પધ્ધતિએ નવું નવું જાણવાની તથા નવી રીતે વિચારવાની આવડતને જન્મ આપ્યો છે.તેણે આપણને પરસ્પર સબંધો બાંધવાની, મૈત્રી કેળવવાની તથા બંધુતા વિકસાવવાની અગાઉ ક્યારેય નહી તેવી મૌલિક, અકલ્પ, અનોખી તકો ઉપલબ્ધ કરી આપીને નવી ક્ષિતિજો આપણી સમક્ષ ખુલ્લી કરી આપી છે.હા, એ નવી ક્ષિતિજો અને તેણે ઊભી કરેલ અનેક શક્યતાઓ આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે છે.એ સાચી વાત પરંતુ સાથે સાથે આપણને તે ડીજીટલ યુગમાં સંચાર માધ્યમની ભુમિકા ઉપર ગંભીરપણે મનન ચિંતન કરવાનું આહ્વાન પણ આપે છે.ખાસ કરીને તો ઈન્ટરનેટની તાકાત તથા તેના ઉપયોગની જટિલતા સંદર્ભે.

મનુષ્યની બુધ્ધિનું સર્જન એવી હરેક નવી શોધની જેમ સંચાર માધ્યમની આ નુતબ ટેકનોલોજી પણ વિશ્વમાં વસતા પ્રત્યેક મનુષ્ય તથા બૃહદ માનવ સમાજના સર્વાંગી વિકાસ તથા તેની સુખાકારીની વૃધ્ધિ કરવામાં વપરાવી જોઈએ છે.મનુષ્યની તીવ્ર ઈચ્છા જીવનની સાર્થકતા, સત્યનો સાચો સ્ત્રોત અને માનવોની એકતા શામાં રહેલી છે તેને શોધી કાઢવાની છે. સંચાર માધ્યમોની આ નુતન ટેકનોલોજીનો જો વિવેકપુર્ણ ઉપયોગ થાય તો મનુષ્યની આવી અભિપ્સા અવશ્ય સંતોષી શકાશે.

ડીજીટલ વિશ્વમાં માહિતિ પ્રસારણ એટલે કોઈ એક સામાજીક નેટવર્કમાં પોતાની વ્યક્તિગત ભુમિકા અદા કરવી એ મુખ્ય છે. જ્યારે માહિતિનો સ્ત્રોત તથા તેના ઉપભોગ વચ્ચેનો ભેદ હવે દ્વિતીય સ્થાને આવે છે.એટલે કમ્યુનીકેશન આજે માત્ર માહિતીના ઢગલા(ડેટા)ની આપલે નહી, પરંતુ પરસ્પર તેની લહાણી કરવી, સહુએ સાથે મળીને તેની ઉજાણી કરવી તે છે. હકીકતે આ પ્રકારની નવી સમજણે કમ્યુનીકેશન ની નવી કદર પણ ઉભી કરી છે.આજે માનવ સમાજના દુર દુર વસતા વિવિધ ઘટકો, જુથો ને વર્ગો વચ્ચે સંવાદો, આપલે, અને ઘનિષ્ટ સુસબંધો વિકસ્યા છે.તેનો યશ સંદેશવ્યવહારની પ્રસ્તુત નવી સમજ તથા નવી કદરને ફાળે જાય છે.બીજી તરફ જોઈએ તે આને લીધી જ ડીજીટલ યુગની કેટલીક આગવી મર્યાદાઓ જેવીકે એક તરફી પ્રતિભાવ,પોતાના દ્રષ્ટિબિંદુની માંહોમાંહે અને સીમિત વર્તુળમાં આપલે, પોતાની ખોટી છબી ઉપસાવવી વગેરેમાં પણ વધારો થયો છે જે ખરેખર તો પોતાનામાં રાચવું અને રમ્યા કરવું બરાબર છે.

યુવાવર્ગ, ખાસ કરીને તો સંચાર માધ્યમમાં આવેલા પરિવર્તનને કારણે ચિંતા અનુભવી રહ્યો છે. તેની સામે પડકારો ઊભા થયા છે.અને એટલે સર્જનકલા વિકસાવવા તથા તેને હસ્તગત કરવા માટેનો તેનો ઉત્સાહ વધ્યો છે.અને તેમને જીવનમાં અવનવા અનુભવો થતા જાય છે.

ડીજીટલ કમ્યુનીકેશનમાં આવેલા આ પ્રકારના પરિવર્તનને કારણે અને તેમાં પોતાની ભાગીદારીને લીધે ઈન્ટરપર્સનલ રીલેશન્સ(પારિસ્પારિક સબંધો)ના તેમને નવા નવા સ્વરુપો દેખાયાં છે.સ્વપરિચય વધ્યો છે જો કે તેની સાથે સાથે નવા પ્રશ્નો તથા નવી સમસ્યાઓ પણ પેદા થઈ છે.સાઈબર સ્પેસમાં પ્રવેશ કરવો એનો અર્થ અન્યો સાથે અર્થપુર્ણ અને સ્વસ્થ સબંધો બાંધવા એવો થાય. પરંતુ, તે સ્વકેન્દ્રી બની રહેવાને બદલે પરલક્ષી, સર્વસમાવેશક અને મનની ખુલ્લી બારી બની રહેતો હોય તો. મૈત્રી બાંધવી અને મિત્રો બનાવવાની પ્રક્રિયામાં જો સચ્ચાઈ પ્રથમ સ્થાને ના હોય તો તેના અત્યુત્સાહમાં પોતાની જુઠ્ઠી અને બેનામી ઓળખાણ ઊભી કરવાનો મોટો ભય રહેલો હોય છે.

નવી ટેકનોલોજીએ હવે મનુષ્યો વચ્ચેના ભૌગોલિક અંતરો ઘટાડ્યા છે.તેમની સાંસ્કૃતિક મર્યાદાઓ વટાવી છે ને એમ મૈત્રીનું એક નુતન વિરાટ વિશ્વ ઊભુ કર્યુ છે.આને લીધે ભલુ કરવાની એક મહામુલી તક ઉપલબ્ધ થઈ છે એ સાચી વાત, પરંતુ તેમાં કેટલાંક ભયસ્થાનો પણ રહેલા છે.આ નુતન વિશ્વમાં 'મારો માનવબંધુ કોણ' ? જેને હું મારી આંખ સામે જોઉ છું, જેની સાથે હું સતત અથડાવું છું એ તેમાંથી બાકાત તો રહી જતો નથીને ? હું જેમાં રહું છું તે વિશ્વ આ બીજા નવા વિશ્વના દર્શન થયા તેને લીધે ભુલાઈ જતું તો નથી ને ? નવી નવી મૈત્રીઓ સતત બાંધતા રહીએ છીએ તેને કારણે સાચી, લાંબા ગાળા સુધી ટકી રહેને જેમાં ઊંડાણ છે તેવી મૈત્રીઓ બાંધવા ને વિકસાવવામાં વિક્ષેપ તો પેદા થતો નથીને ? આ નવી મિત્રતાઓ કેવળ છીંછરી ને ક્ષણભંગુર તો નથી ને ?આપણે એ કદાપિ ન ભુલવું જોઈએ કે સામી વ્યક્તિ સાથેનો મારો સીધો સંપર્ક, તેના જીવનના વિવિધ તબક્કાઓમાં મારો સીધો પ્રવેશ એ જ ખરેખર તો મહત્વ ધરાવે છે.ડીજીટલ કમ્યુનિકેશન (ઈન્ટરનેટ, ફેસબુક, બ્લોગ, ટ્વીટર) તેનું સ્થાન કદાપિ લઈ શકે નહિ.

વ્યક્તિ જયારે બીજા સાથે સંદેશની આપલે કરે છે ત્યારે હકીકતે તે 'સ્વ'ની આપલે કરે છે.જ્યારે માહિતીની આપલે કરે છે ત્યારે સ્વ ની અર્થાત વિશ્વની પોતાની સમજણની, પોતાના દ્રષ્ટિબંદુની, વિચારસરણી તથા માન્યતાઓની આપલે કરે છે.આપણા સંદર્ભે વાત કરીએ તો એવી આપલે ભગવાન ઈસુની સમજ મુજબની છે. ઈસુદષ્ટિવાળી, પ્રામાણિક ,પારદર્શક, ઉત્તરદાયિત્વવાળી અને વિવકસભર છે. ઈસુનો અનુયાયી જ્યારે સંદેશવ્યવહાર કરે છે ત્યારે ભલે ઈસુના નામનો ઉલ્લેખ તે સીધી રીતે ન કરતો હોય પરંતુ તે જે જે માહિતીનું આદાનપ્રદાન કરે છે, જે રીતે કરે છે અને જે ઉદેશ્યની કરે છે તે બધું ઈસુમુલ્યો પ્રેરિત અને ઈસુમુલ્યોસભર હોય એ નિઃશંક અને નિર્વિવાદ છે.એવો સંદેશ વ્યવહાર તથા માહિતીની આપલેમાં દષ્ટિગોચર થતાં વલણો, વિચારધારાઓ, પસંદગીઓ, પ્રાથમિકતાઓ, સંમતિઓ,સમાધાનો ને ઉકેલો કાયમ ઈસુના ઉપદેશ અને તેમના સિધ્ધાંતોના પક્ષે હશે ને તેમાં બાંધછોડને લેશમાત્ર અવકાશ નહી જ હોય.

આપણે એ પણ યાદ રાખવું ઘટે કે ડીજીટલ વિશ્વમાં મુલ્યઆધારિત, મુલ્યપ્રેરિત અને ખાસ કરીને તો ઈસુમુલ્ય પ્રેરિત સંદેશ વ્યવહાર ત્યારેજ શક્ય બની શકે જયારે સંદેશ આપનાર ખુદના જીવનમાં એ મુલ્યોનાં દર્શન થતાં હોય,' મારુ જીવન એ જ મારો સંદેશ 'બને તો જ એની હકારાત્મક અને દીર્ઘકાલીન અસર પડે છે.

ઈસુના સિધ્ધાંતો અને તેમણે પ્રબોધેલ શિક્ષણ પ્રેરિત સંદેશ વ્યવહાર જો અમુક પ્રકારની અર્થાત સ્થાપિત હિતથી ખરડાયેલી વેબવિચારસરણીને પડકારતો ન હોય તો ઈસુના સંદેશ વાહક ન બની શકાય. એટલે સૌ પ્રથમ તો આપણે એ ખાસ લક્ષ રાખવું જોઈએ કે સત્યની એમાં હસ્તિ છે એની સાબિતી ને ખાતરી આપણો સંદેશ કેટલો લોકપ્રિય છે તેના પર આધાર રાખતો નથી.એને લોકપ્રિય અને સ્વીકાર્ય બનાવવાની આપણી દોડધામમાં એ સંદેશને ક્યારેય મોળો પાડી ન શકાય.આપણો સંદેશ ક્ષણ પુરતું ધ્યાન ખેંચે ને તુર્ત તેનું બાષ્પિભવન થઈ જાય તેવો ક્ષણભંગુર પણ ન હોવો જોઈએ. ઈસુનું શિક્ષણ એક પડકાર છે, તેને સાંભળનારને માટે તે આહ્વાન છે. તેને સ્વીકારનાર ને અપનાવનાર પાસેથી એ પ્રતિબધ્ધતા અને નિસબત માંગી લે છે. એ તો માથા સાટે મોંઘી વસ્તુ છે. હરિનો મારગ છે ;શુરાનો મારગ છે , નહી કાયરનું કામ જોને !

ઈન્ટરનેટ કે વેબમાં એનું પ્રસારણ થતું હોય છે પરંતુ તેનો સીધો સબંધ વ્યક્તિના રોજરોજના જીવાતા જીવન સાથે છે. એ કલ્પનાની દુનિયામાં કે તરંગોમાં મહાલતો ફરતો હોતો નથી. ચોપાસ વસતાં માનવબંધુ-ભગિનીઓ સાથેનો સીધો સબંધ ને સંપર્ક એની બુનિયાદ છે. ઈશ્વરમાં શ્રધ્ધા ને આસ્થા પ્રગટાવવા ને તેને પ્રસ્થાપિત કરવા આ બુનિયાદ અત્યાવશ્યક છે,અનિવાર્ય છે.એટલે, વિશ્વમાં વસતાં સહુ ઈસુપંથીઓને ડીજીટલ વિશ્વમાં સામેલ થવા હું નિમંત્રણ પાઠવું છું.કેવું આપણુંસૌભાગ્ય અને એ પુણ્ય આપણાં ક્યાંથી કે માનવહિત સંવર્ધનની અભુતપુર્વ અને અણમોલી તકો સામે ચાલીને આપણે આંગણે પધારે છે !આવો, એને આવકારીએ, એને ઝડપી લઈએ અને એમાં આપણું પ્રદાન કરીએ.

સંત લુકના શુભસંદેશમાંનો પેલો પ્રસંગ 'અજાણ્યા પ્રવાસીને વેશે (એમ્માઉસ) ને યાદ કરીએ, ઈસુ અંતર્ધાન થઈ ગયા પછી શિષ્યો માંહોમાંહે કહેવા લાગ્યા, તેઓ રસ્તે આપણી સાથે વાત કરતા હતા અને શાસ્ત્ર સમજાવતા હતા ત્યારે આપણાં અંતર ઝળાંઝળાં નહોતાં થઈ જતાં ?'

ડીજીટલ વિશ્વમાં પ્રવેશ બાદ આપણો સંદેશ કેવો હોવો જોઈએ તેનું આ પ્રસંગ ઉમદા ઉદાહરણ પુરુ પાડે છે.આપણો સંદેશ તેને સુણનારના અંતરમાં શિષ્યોના અંતરમાં ઉદ્દભવી તેવી, ઝળઝળાં થઈ જવાય તેવી, લાગણીઓ પેદા કરે તો આપણો સંદેશ સાચો છે.યર્થાથ છે અને તેનું મુલ્ય છે.અન્યથા નહી.ભગવાન ઈસુ આપણા માટે સંદેશ વ્યવહાર(કમ્યુનીકેશન)નો ઉત્તમોત્તમ નમુનો છે.તેમનો સંદેશ શ્રોતાના અંતરમાં ઊંડે સુધી પ્રવેશી જતો, પડકારરૂપ બનતો અને હકારાત્મક પ્રતિભાવો પેદા કરતો હતો.એ સંદેશે જગતને સાચા સુખનો રાહ ચીધ્યો તથા જગતમાં ક્રાતિ સર્જી.ઈસુના સાચા અનુયાયીઓ કહેવડાવવાનુ આપણે ગૌરવ અનુભવતા હોઈએ અનેએવો દાવો કરતા હોઈએ તો અંતરે ઉભરાઈ જતી ધગશ તથા સામાજિક નિસ્બત હૈયે ધરીને ડીજીટલ વિશ્વમાં પ્રવેશીએ અને માનવહિત તથા તેની સુખાકારીની વૃધ્ધિના ભાગીદાર બનીએ.

ઈસુ મેન ફોર અધર્સ હતા. આપણે પણ તેમની જેમ મેન-વુમેન ફોર અધર્સ બનીએ.

પ્રેષક : ફાધર વિલિયમ



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ધર્માંતરણના સંદર્ભે થોડુંક કંઇક ......

તાજેતરમાં તા.૧૧-૧૨ નવેમ્બર દરમ્યાન સુરેશ સોની સંચાલિત જાણીતી સંસ્થા 'સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ'(રાજેન્દ્રનગર, સા.કાં)માં સદ્‌ભાવના ફોરમ ના ઉપક્રમે ઉ.ગુજરાત તથા સા.કાં.જિલ્લાનું બે દિવસનું પ્રાદેશિક સદ્‌ભાવના સંમેલન યોજાઇ ગયું. એ બે દિવસો દરમ્યાન ગુજરાતમાં સર્વત્ર સદ્‌ભાવના પ્રગટે ને પ્રસરે એના સમર્થનમાં આમંત્રિત વ્યક્તાઓએ મનનીય પ્રવચનો કર્યા અને બહુ ઉપયોગી નીવડે તેવાં સુચનો કર્યા. પ્રથમ દિવસે જમ્યા બાદ રાત્રે' ઓપન ફોરમ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો હેતુ ઉપસ્થિત સહુ કોઇ સદ્‌ભાવના મુદ્દે પોતાનાં મંતવ્યો, એમાં નડતા વિધ્નો, પોતાની શંકા આશંકાઓ વગેરે મુકત મને રજુ કરી શકે ને તેના ઉકેલો શોધે તે હતો.' ઓપન ફોરમ' ઘણું મહત્વનું અને બહુ જ લાભદાયી બની રહ્યું. મારા આ ટુંકા લખાણમાં 'ઓપન ફોરમ' માં બહાર આવેલી કેટલીક મુંઝવતી સમસ્યાઓને તથા એ સંદર્ભે થયેલી ચર્ચા તથા સ્પષ્ટતાઓને વાચરો સમક્ષ રજુ કરવી છે.

પહેલો મુદ્દો મુસ્લિમ સમાજના સંદર્ભે હતો. ઉપસ્થિત કેટલાંક હિંદુ ભાઈબેન તરફથી એવી રજુઆત કરવામાં આવી ખે મુસ્લિમો કુટુંબ નિયોજનમાં માનતા નથી. વળી મુસ્લિમોની વસતી વધે ને એમ તેમનું સંખ્યાબળ પણ વધે એ આશયે વસતિ વધારતા જાય છે. સાથે સાથે ધર્માંતરણ કરાવી - ખાસ કરીને તો હિંદુ છોકરીઓને લલચાવી-ફસાવીને તેમની સાથે લગ્નો કરી વટલાવીને પોતાની વસતી વધારે છે.' જેહાદ ' નો ઉપયોગ કરીને સમાજમાં સમસ્યાઓ પેદા કરે છે.આ બાબતે અહીં ઉપસ્થિત મુસ્લિમો સ્પષ્ટતા કરે. કારણ, આવી બાબતો સદ્‌ભાવનાની સાવ વિરુધ્ધ ગણાય જેનાથી તો સદ્‌ભાવના પ્રગટે નહી અને પ્રસરે પણ નહી.

ઉપસ્થિત મુસ્લિમ બિરાદરોએ વિનમ્રપણે તથા ધ્યાનપુર્વક કશો પણ વિરોધ કર્યા વિના હિંદુ મિત્રોની આ પ્રકારની મુંઝવણ સાંભળી.હાજર રહેલ મુસ્લિમ બિરાદરો વતી મહેસાણા કોલેજમાં અંગ્રેજી ભણાવતા પ્રા.ઈલિયાસ તથા પાલનપુર કોલેજમાં ગુજરાતીના બહુશ્રુત વિદ્વાન પ્રા.સિંગીએ તેની સ્પષ્ટતા કરી. પ્રા.સિંગીએ સાચર કમિટિ તથા અન્ય અભ્યાસોનો આધાર લઈને કહ્યું કે મુસ્લિમો ધર્માંતરણો - ખાસ કરીને તો ભારતમાં ગઈ ગુજરીની વાત છે અને આજે તો એ નહીવત છે.કમનસીબે મીડીયા દ્વારા અને સ્થાપિત હિત ધરાવતા રાજકારણીઓ તેને ચગાવે છે ને વૈરમનસ્ય ઊભુ કરે છે જેથી તેમની મેલી મુરાદ બર આવે.એજ રીતે મુસ્લિમ છોકરાઓને હિંદુ છોકરીઓને ફસાવી લલચાવીને મુસ્લિમ બનાવો એવું કહેવામાં આવે છે તેમાં પણ બિલકુલ વજુદ નથી.એવું તેમને કોઈના તરફથી કહેવામાં આવતું નથી.બંને પક્ષે હિંદુઓ તથા મુસ્લિમોમાં ધર્માંધીં તત્વો હોય છે.તેઓ આવો કુપ્રચાર કરે છે ને સમાજમાં અશાંતિ તથા વેરભાવ પેદા કરે છે.એમના વિધાનો પર વિશ્વાસ મુકતાં પહેલાં આપણા જેવા કે જેમના હૈયે સદ્‌ભાવના વસે છે તેમણે પુરતી ખાતરી કરી લેવી જોઈએ એટલું જ નહી, સામાજિક જવાબદારી સમજીને તેનો વિરોધ પણ કરવો જોઈએ. મુસ્લિમોમાં ખાસ કરીને તો છોકરીઓમાં હવે શિક્ષણની ભુખ જાગી છે.જે કેટલાંક ધર્માંધ (ફંડામેન્ટાલીસ્ટ)મુસ્લિમોને ગમતું નથી. કારણ શિક્ષણથી જાગૃતિ આવશે ને તેમને પ્રશ્નો કરશે. એટલે આવાં તત્વો ખોટી માન્યતાઓ ફેલાવી મુસ્લિમોને ભડકાવે છે જેથી અશાંતિ પેદા થાય અને મુસ્લિમોમાં શિક્ષણ દ્વારા જાગૃતિ લાવવાના પ્રયાસો નાકામિયાબ નીવડે.

બીજો મુદ્દો શ્રી સુરેશ સોનીએ ઊભો કર્યો હતો અને તે હતો ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કરવામાં આવતાં ધર્માંતરણો. તેમનો ખાસ આગ્રહ હતો કે ફાધર વિલિયમ આનો બધાની સમક્ષ જવાબ આપે.મારે આ બાબતે બચાવ કરવાનો કે કશી સ્પષ્ટતા કરવાનો બિલકુલ ઈરાદો નહોતો કારણ સામાજિક સંવાદિતાની વાત આવે છે ત્યારે મોટે ભાગે હિંદુ-મુસ્લિમ સમાજોના સંદર્ભે એ વાત થતી હોય છે ને એ બાબત ગુજરાતમાં ખ્રિસ્તી સમુદાયોને લાગુ પડતી નથી હોતી.તેમ છતાં મારા સ્નેહી મિત્ર સુરેશ સોનીના આગ્રહને વશ થઈને મારે કેટલીક બાબતો રજુ કરવી પડી જે નીચે મુજબ છે.

(૧)અગાઉ ખ્રિસ્તી ધર્મમાં એવી એક ચુસ્ત માન્યતા હતી કે બેપ્ટીસમ લઈને જ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવે તેનોજ ઉધ્ધાર થશે, તેને મોક્ષપ્રાપ્તિ થશે.જેઓ બેપ્ટિસમ નહી લે તેઓ મૃત્યુ બાદ નર્કમાં(જહાનમમાં) જશે.અન્ય મિશનરીઓની જેમ ફાધર વાલેસ પણ આ માન્યતાથી પ્રેરાઈને ભારતમાં આપણને બધાને નરકની સજામાંથી ઉગારી લેવાની સદ્‌ભાવનાથી આવેલા! જો કે ભારતમાં આવ્યા બાદ પરિસ્થિતિથી વાકેફ થયા પછી તેમએ પોતાની માન્યતા બદલી હતી.ઠીક, હવે ચર્ચે આ માન્યતાને તિલાંજલી આપી દીધી છે. એટલે, આજે કોઈપણ ઈસાઈ મિશનરી(બહુધા રોમન કેથોલિક પંથના)ઉપરોક્ત માન્યતાને કારણે ધર્માંતર કરાવતા નથી.

(૨)જે ઈસાઈ મિશનરીઓ હજી પણ ધર્મપરિવર્તન કરાવે છે તેની પાછળનું કારણ આવું છે. તેઓ માને છે કે કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિ સમુહને ધર્માંતરણ દ્વારા ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ કરાવવાથી તેમના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવામાં વધુ સરળતા રહે છે અને સફળતા પ્રાપ્ત થાય છે.કારણ, ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના વિધિઓ,બાઈબલ વાંચન,ઉપદેશો વગેરેમાં માનવબંધુ પ્રેમ અને સેવા પર ખાસ ભાર મુકવામાં આવે છે.અને જનસેવા એજ પ્રભુ સેવા મંત્રનું અવિરતપણે રટણ કરવામાં આવતું હોઈ વ્યક્તિના જીવન પર તેની ઊંડી અસર પડે છે તથા એવી ભાવના તેના જીવનમાં ઊંડે ઊંડે ઉતરી જાય છે.

ખ્રિસ્તી શાળાઓ ને કોલેજો, ઈસ્પીતાલો,અનાથાશ્રમો,રક્તપિતગ્રસ્તો માટેના આશ્રયો વગેરે પ્રકારની ખ્રિસ્તી સેવા સંસ્થાઓ લોકપ્રિય બને છેને તેમાં માનવસેવાનાં તેના લાભાર્થીઓને વિપુલ દર્શન થાય છે. વળી,સરકારી ઓફિસો તેમજ જુદે જુદે સ્થળો એ સેવા બજાવતાં ખ્રિસ્તીઓમાં પણ લોકોને તેમની પ્રામાણિકતા,ફરજપાલન,કામકાજ માટે આવતા લોકો પ્રતિ ભેદભાવ વિના સહાનુભુતિ જેવા ગુણોના દર્શન થતાં હોય છે અને તેમાટે તેમની ઘણી કદર પણ થાય છે. આવી ઉદ્દાત લોકહિતાય ઉપલબ્ધિ ઈસુના ઉપદેશમાંથી તેમને ઈસુપંથ અપનાવી તેમના અનુયાયી બન્યા તેથી થઈ છે એવી ઈસાઈ મિશનરીઓની દૃઢ માન્યતા છે જેમાં હું પણ મારો સુર પુરાવું છું.

મારા પોતાના વિશે વાત કરુ તો સુરેશભાઈ તથા મારા કેટલાક નિકટના હિંદુ-મુસ્લિમ મિત્રો મારા પ્રતિ ઘણો આદરભાવ રાખે છે.મને આવકારે છે અને હું તેમનો પ્રિય બન્યો છું વગેરે વગેરે. તેઓ મને કહેતા નથી પરંતુ મને લાગે છે કે તેઓને મારામાં કંઈક સારાપણું દેખાયું છે એટલે હું તેમને ગમું છું.આ મારુ સારાપણું મનં હું ઈસુપંથ અપનાવી ઈસુનો અનુયાયી બન્યો તથા તેને કારણે અવારનવાર તેમનો ઉપદેશ મને સાંભળવા મળ્યો અને માનવબંદુ પ્રેમ અને સેવાની ભાવના પ્રગટ કરતી ઉપાસના વિધિઓમાં ભાગ લીધો જેને લીધી એ બધું મારા જીવનમાં સહજપણે ઉતર્યુ છે એવી મારી દૃઢ માન્યતા છે.અને હા,હું કદાપિ એવો દાવો નથી કરતો અને કરીશ પણ નહી કે ,ઈસુપંથ અપનાવવાથી જ વ્યક્તિના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવી શકે છે.અન્યથા નહી, હું તો માત્ર મારા ખુદના(અનો બીજા અનોક ઈસુપંથીઓના)જીવનમાં આવેલા ગુણાત્મક પરિવર્તનની પાછળ રહેલા પરિબળની મારી સમજ મુજબની વાત કરુ છું અને તે પણ એટલા માટે કે ખ્રિસ્તી ધર્માંતરણો સંદર્ભે મને અત્યારે જવાબ આપવાની ફરજ પાડી છે.

(૩)મારી એવી શી અને કયા કારણે લાચારી છે કે જેને લીધે મારે ધર્માંતરણ કરવું પડે છે.આ બાબતે પણ આપણે વિચારવું પડે.સુરેશભાઈ કહે છે તેમ કોઈની લાચારીનો ગેરલાભ લઈને તેનું ધર્માંતરણ કરાવવું એ યોગ્ય નથી ને નથી જ.હું એ પ્રકારના ખ્રિસ્તી ધર્માંતરણો સાથે બિલકુલ સંમત નથી. અને તેનો અહી જાહેરમાં સખત વિરોધ કરુ છું.સાથે સાથે વ્યક્તિની લાચારીનો ગેરલાભ ઉઠાવી તેનું આર્થિક,નૈતિક કે બીજા પ્રકારનું શોષણ કરવું એને પણ એટલું જ અયોગ્ય ગણું અને તેનો પણ સખત વિરોધ કરુ છું.

(૪)મને ગાંધીજીમાં અખુટ શ્રધ્ધા છે. તેમણે કહ્યું છે કે, જ્યાં સુધી આપણે અસ્પૃશ્યતાની દિવાલને ટકાવી રાખીશું ને તેને તોડી પાડીશું નહિ ત્યાં સુધી ધર્માંતરણો ચાલુ રહેશે ને હિંદુ ધર્મ છોડીને લોકો જતા રહેશે.આ બાબતે પણ આપણે વિચારવું જોઈશે.આપણે હિંદુઓ તો હિંદુઓના એક મોટા સમુહને હિંદુ તરીકે ગણતા જ નથી ને તેમના પ્રત્યે અનેક પ્રકારના ભેદભાવ આચરીએ છીએ. તેમને હલકા ગણીએ છીએ, અસ્પૃશ્ય માનીએ છીએ.ધર્માંતરણો રોકવાનો અસરકારક ઉકેલ તો પૂ.ગાંધીજીએ આપણને ક્યારનોયે બતાવ્યો છે.

(૫)અહીં બેઠેલા કેટલાંક હિંદુ મિત્રોને ધર્માંતરણને કારણે હિંદુઓની સંખ્યા ઘટી જાય છે અને મુસ્લિમોની સંખ્યા વધે છે તેની ચિંતા છે. પરંતુ , ભૃણહત્યાને કારણે છોકરીઓ (સ્ત્રીઓ)ની સંખ્યા ઘટી જાય છે ને છોકરાઓની (પુરુષોની)સંખ્યા કુદકે અને ભુસકે વધતી જાય છે ને તેને લીધે જે ગંભીર સામાજિક સમસ્યાઓ સર્જાય છે તેની ચિંતા નથી થતી એ બાબતે નવાઈ લાગે છે. હકીકતે એની પણ ચિંતા થવી જોઈએ ને ?

એ જ રીતે તાજેતરમાં ગૌવધ-ગાયોની કરવામાં આવતી કતલ બાબતે માલધારીઓએ વિરોધ નોધાવવા માટે મોટી ઝુંબેશ ઉપાડી ને ગૌવધ પ્રતિબંધ કાનુન લાવવામાં સફળ થયા છે.ગુજરાતમાં છોકરીઓનો જન્મ અટકાવવા માટે કરાવવામાં આવતા ગર્ભપાતને કારણે હજારો છોકરીઓની અર્થાત મનુષ્યોની હત્યા-કતલ થાય છે એનો વિરોધ કરવા આપણે ઝુંબેશ ઉપાડતા નથી એની પણ નવાઈ લાગે છે. પશુઓની હત્યા બાબતે આપણે સંવેદનશીલ ને ચિંતિત બની જઈએ છીએ પણ મનુષ્યની હત્યા બાબતે નાચિંત ને સંવેદનબધિર રહીએ છીએ એવું કેમ ? જરા વિચારીએ.

ફાધર વિલિયમ

**www.christianmatrimonial.in**

સમગ્ર વિશ્વના કોઈપણ ખુણાંમાંથી આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય પાત્ર મેળવવા માટે એક અજોડ સાઈટ કે જે.

(૧) જેની અર્પણવિધિ સી.એન.આઈ,ગુજરાતના માનનીય બિશપશ્રી માલવીયા સાહેબના હસ્તે કરવામાં આવેલ છે.

(૨) રજીસ્ટ્રેશન તદ્દન મફત છે.

(૩) સમગ્ર વિશ્વના કોઈપણ દેશનાં ક્રિશ્ચિયન દિકરા-દીકરીઓ મેમ્બર થવાથી બહોળી પસંદગીનો અવકાશ છે.

(૪)જે તે ચર્ચના પાળક/ પાદરી/ફાધરનું સર્ટીફીકેટ આપનારનેજ સભ્ય બનાવવામાં આવે છે જેથી નકલી રજીસ્ટ્રેશનની શક્યતાઓ નહીવત રહે છે.

મફત મેમ્બર થવા માટે અને વધુ વિગત માટે અમારી સાઈટ **www.christianmatrimonial.in** નો સંપર્ક કરવા વિનંતી છે.

ડો.ગીરીષ પી.પરમાર,
૩૦૩-૩૦૫,રાધે પાર્ક,ક્રિશ્ના પાર્ક પાસે
દાંડી રોડ,જહાંગીરાબાદ, સુરત. મો.૯૯૨૫૨૩૧૭૦૩

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર
મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.